ગાંધીનગર સમાચાર

**આજે અને આવતીકાલે શહેરની બેંકો કાર્યરત રહેશે**






શહેરમાં સતત બીજા દિવસે પણ બેંકો અને એ.ટી.એમ. પર ગ્રાહકોની લાંબી કતારો જામી હતી... નોટોની ફેરબદલી તથા જુની નોટો જમા કરાવવા માટે ગ્રાહકો વહેલી સવારથી બેંકો પર ઉમટ્યા હતા... કેટલાક સ્થાનો પર બોલાચાલી અને ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા...

## અમારા બાળકોના ગલ્લા તોડયા પણ રોકડા નાણાં ખુટી પડયા અને બેંકવાળાએ તાળુ મારી દીધું છે

**સે-૧૬ સ્થિત દેના બેંકને નિયત સમય પહેલા તાળુ મારી દેવાતા ટોળુ વિફર્યુ : કલાકોથી કતારમાં ઉભેલી મહીલાઓને પૈસા ન મળતા રોષે ભરાઇ આખરે પોલીસે મામલો થાળે પાડયો**





ગાંધીનગર તા ૧૧

અમારા બાળકોના ગલ્લા તોડીને અમે પૈસા વાપર્યા છે. ..હવે પૈસા નથી.. અને આ બેંકવાળા તાળુ મારીને બેસી ગયા છે.. અમે કાંઇ ચોરી કરવા નથી આવ્યા ..આવા ઉદગારો સાથે આજે સે -૧૬ સ્થિત દેના બેંકની બહાર લાંબા સમયથી કતારમાં ઉભેલી મહીલાઓએ બેંકના અધિકારીઓ સામે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો. બધી બેંકોમાં વ્યવહાર ચાલુ છે. છતા આ બેંકમાં કલાકોથી કોઇને પૈસા જ આપવામાં આવતા નથી. તેવા રોષ સાથે મહીલાઆએ બેંક મેનેજરનો ઉધડો લીધો હતો. આખરે પોલીસે સ્થળ પર પહોંચી મામલો સંભાળ્યો હતો.

હજારની અને ૫૦૦ના દરની ચલણી નોટો રદ થયા બાદ બેંકોમાં અફડાતફડીનો માહોલ જોવા મળી રહયો છે. નોટો બદલાવવા તેમજ જુની નોટો જમા કરાવવા સવારથી જ કતાર લાગે છે. જો કે આ ગતિવિધિઓમાં આમ નાગરિકોએ ઘણીવાર ધક્કે ચઢવાનો વારો આવે છે. જેના પરિણામે સેકટરવાસીઓ રોષે ભરાયા છે. શહેરમાં સે-૧૬ સ્થિત દેના બેંકમાં આજે સાંજે ગ્રાહકોના ટોળાએ ઉગ્ર આક્રોશ સાથે હોબાળો મચાવ્યો હતો. લાંબા સમયથી કતારમાં ઉભેલી મહીલાઓને રોકડ ન મળતા હલ્લો મચી ગયો હતો. બેંકના મેનેજરે નિયત સમય પહેલા જ બેંકને તાળુ મારી દેતા રોષે ભરાયેલી મહીલાઓએ મેનેજરને બિભત્સ શબ્દોમાં ગાળો આપી હતી. બેંકમાં પાછલા દરવાજેથી પૈસાની લેતી દેતી થતી હોવાના આક્ષેપ સાથે ટોળાએ હોબાળો મચાવ્યો હતો. જયારે બેંકના દરવાજે નિયત સમય પહેલા તાળુ મારી દેવાતા એકત્રિત ટોળુ વધુ રોષે ભરાયુ હતુ. આખરે પોલીસ સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ બેંક મેનેજર સાથે મહીલા પોલીસ અધિકારીએ મામલાની ચર્ચા કરી ઉપસ્થિત નાગરિકોને સમજાવી બેંક કાર્યવાહી આગળ વધે તેવી વ્યવસ્થા હાથ ધરી હતી.

## એક વ્યકિત હવે એકવાર જ જુની નોટ બદલાવી શકશે

ગાંધીનગર, તા.૧૧

જુની ચલણી નોટોને એક્ષચેન્જ કરવાની મુદત ૩૧મી ડિસેમ્બર સુધીની આપીને દરરોજ રૂ. ૪૦૦૦ની મર્યાદામાં પ્રત્યેક વ્યકિત કોઈ પણ બેંકમાંથી જુની નોટ એક્ષચેન્જ કરાવી શકે તેવી ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવી હતી પરંતુ પહેલે જ દિવસે આર.બી.આઈ.ના ધ્યાને આવ્યું કે મોટા માથાઓ માણસો રોકીને બબ્બે પાંચ પાંચ વાર પ્રત્યેક વ્યકિત અલગ અલગ બેંકોમાં જઈ રૂપિયા એક્ષચેન્જ કરાવી રહ્યા છે અને બ્લેકના વ્હાઈટ કરી રહ્યા છે જયારે જરૂરીયાતમંદ સામાન્ય માણસનો રૂપિયા એક્ષચેન્જમાં વારો જ આવતો નથી.

બાબતને ગંભીરતાથી લઈ આર.બી.આઈ. દ્વારા ગઈ કાલે બપોરથી નવું નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં એક વ્યકિતને એક જ વાર આઈડી પ્રુફ નોંધીને રૂ. ૪૦૦૦ એક્ષચેન્જ કરી આપવામાં આવશે જેને અનુલક્ષી નગરજનો ફરી ચિંતામાં ગરકાવ થયા છે.

## મનપાએ જુની નોટ સ્વીકારવાનો નિર્ણય કરતાં ગણતરીના કલાકોમાં જ ૩૫ લાખની વેરા વસુલી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે મિલ્કત વેરાની વસુલીમાં વિક્રમી આવક પ્રાપ્ત કરીને રૂ. ૩૫ લાખ જેટલી થવા જાય છે.

રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની જૂની નોટ્સ વેરા પેટે ભરી શકાશે તેવી જાહેરાત મનપાના સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવતાં જ નગરજનોએ મનપાની કચેરી પહોંચી ગયા હતા અને વેરાના નાણાં ભર્યા હતા.

રાત્રે ૧૦ વાગ્યા સુધી આ નાણાં સ્વીકારવામાં આવ્યા હતા. ૧૧ વાગે સરકારમાંથી સૂચના મળતાં જ બપોરે ૧૨ વાગે સત્તાવાળાઓએ આ અંગે તંત્રને તાત્કાલિક ફરજ પર મુકી અને ખાસ વ્યવસ્થાઓ ઉભી કરી હતી. જેને કારણે મોડી રાત સુધી નગરજનો વેરો ભરવા માટે કોર્પોરેશનની કચેરી સુધી પહોંચ્યા હતા.

મનપાના સત્તાવાળાઓએ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ સ્વીકારવા અંગેની જાહેરાત પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ તેમજ રિક્ષાઓ પર માઈક બાંધી દરેક સેક્ટરમાં ફેરવી હતી અને તેનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

મનપાએ આજે ૩૫ લાખ જેટલી વિક્રમી આવક મેળવી હતી. આ સાથે વેરા વલસુલાતમાં પણ સારી એવી સફળતા મેળવી છે. ઘણા બધા લોકોએ અગાઉની બાકી રકમ સાથે આ ચૂકવણી કરી હતી તો કેટલાક રહીશોએ એડવાન્સ ટેક્ષ પણ ભરી દીધો હતો.

મનપા દ્વારા રૂ. ૫૦૦ અને ૧ હજારની નોટ માટે ખાસ સ્ક્રીનીંગ મશીન પણ મુક્યુ હતુ અને જેથી કોઈ ખોટી નોટ પણ આવી ના જાય તેવી ફુલપ્રુફ વ્યવસ્થા ગોઠવી હતી.

૧૦ ટકા રિબેટની યોજના વેળાએ ૬ કરોડથી વધુ આવક કોર્પોરેશને મેળવી હતી જ્યારે આજે પણ ૩૫ લાખ જેટલી રકમ મેળવી છે.

## સે. ૨૨ સ્થિત બેંકમાં ગ્રાહકોનો આક્રોશ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં રૂપીયા એક્ષચેંજ કરાવવા તેમજ બેંકમાં એકાઉન્ટમાં ભરવા નાગરીકો પડાપડી કરી રહ્યાં છે. સામાન્ય નાગરીક છુટા રૂપીયાની પળોજણમાં પીસાઈ રહ્યો છે. ઘરમાં જોઈતી જીવન જરૂરીયાતની વસ્તુ ખરીદવા છુટા રૂપિયા અનિવાર્ય છે. ત્યારે સામાન્ય વર્ગમાં નાગરીકો આજે સતત બીજા દિવસે પણ બેંકમાં લાગેલી લાઈનમાં અડીંગો જમાવીને સવારથી ઉભા રહ્યા હતા. પરંતુ દરેક ગ્રાહકને સાંજે ૭ કલાક સુધી બેંક કાર્યરત રહેશે તેવું મનમાં હતુ. પરંતુ આરબીઆઈની ગાઈડલાઈન મુજબ બેંક રાબેતા મુજબ બંધ કરવાનો આદેશ મળતા ૪ વાગે શહેરની મોટાભાગની બેંકોના શટર પડી જતા નાગરીકો મુશ્કેલીમાં મુકાયા હતા. જેને પગલે બેંકોમાં હલ્લાબોલ સર્જાયો હતો.

જ્યારે સે. ૨૨માં ઓવલ બેંકમાં રૂપિયા ભરવા અને એક્ષચેંજ માટે આવેલ ગ્રાહકો ભારે માથાકુટ કરતા હોબાળો મચ્યો હતો. શહેરની અનેક બેંકમાં આ રીતે હોબાળો થતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે મધ્યસ્થી કરી મામલો થાળે પાડ્યો હતો. ત્યારબાદ નાગરીકો ઘરે જવા તૈયાર થયા હતા.

## આજે અને આવતીકાલે શહેરની બેંકો કાર્યરત રહેશે

ગાંધીનગર, તા. ૧૧

રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થવાના પગલે જાહેર જીવનમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હોય તેવું લાગી રહ્યું છે. સતત બે દિવસથી શહેરની તમામ બેંકોમાં ગ્રાહકોની ભીડ ઓછી થતી નથી. આવુ સમગ્ર ભારતમાં આવેલ તમામ બેંકની બ્રાંચ ગ્રાહકોથી ઉભરાય છે. જુની ચલણી નોટ એક્ષચેંજ કરવા, ખાતામાં રૂપિયા જમા કરાવવા તેમજ રૂપિયા લેવા માટે ગ્રાહકો બેંકના દરવાજાએ લાઈનો લગાવી બેઠા છે. આરબીઆઈના આદેશ મુજબ શનિ-રવિની રજા હોવા છતાં બેંકીંગ ક્ષેત્ર કાર્યરત રહેશે. અને સામાન્ય દિવસોમાં થતી તમામ કામગીરી આ બે દિવસોમાં પણ થશે. શનિ-રવિની રજામાં બેંક કાર્યરત રહેતા નગરજનોને મોટી રાહત થવા પામી છે.

## પૂર્વ મેયર મહેન્દ્રસિંહના પિતા મનુભા રાણાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાના પિતા મનુભા રાણાનું ગઈ મોડી રાત્રે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે.

સ્વ. મનુભા રાણાની આજે સવારે ધણપથી નીકળેલ અંતિમ યાત્રામાં જિલ્લાના રાજકીય, સહકારી આગેવાનો ઉપરાંત ખેડૂત આગેવાનો તથા ધણપના ગ્રામજનો, વેપારી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. મનુભા રાણા જિલ્લા સહકારી સંઘ સહિત એ.પી. એમ.સી. ગાંધીનગર સહિતની અનેકવિધ સહકારી સંસ્થાઓ અને શૈક્ષણિક સંકુલો સાથે સંકળાયેલ હતા. ક્ષત્રિય સમાજમાં પણ તેમણે સક્રિય નેતૃત્વ આપ્યુ હતુ જે નોંધનીય છે. સ્વ. રાણાના દુઃખદ નિધનના સમાચાર ધણપ ખાતે પહોંચતાં જ ધણપ અને આસપાસના ગામો તેમજ ગાંધીનગર શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

### બેસણું



અમારા માતૃશ્રી **અ.સૌ. નર્મદાબા બાલુસિંહ ચૌહાણ** તા.૦૮-૧૧-૨૦૧૬ને મંગળવાર રોજ મોક્ષગત થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૩-૧૧-૨૦૧૬ને રવિવાર સવારે ૧૧ થી ૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૩૮૦ની સામે, શ્રેયસ સોસાયટી, સે.-૨૨, ઘ-૫ નજીક, ગાંધીનગર**

| | |
|---|---|
| ચૌહાણ બાલુસિંહ ફુલસિંહજી (પતિ) | મકવાણા પુષ્પાબા દિલીપસિંહ (પુત્રી) |
| ચૌહાણ મયુરધ્વજસિંહ બાલુસિંહ (પુત્ર) | મકવાણા શિતલબા કરણસિંહ (પુત્રી) |
| ચૌહાણ આરતી મયુરધ્વજસિંહ (પુત્રવધુ) | મકવાણા હર્ષાબા આશિષકુમાર (પુત્રી) |

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

નૂતન વર્ષાભિનંદન...
સહકારી પ્રવૃત્તિ સામેનો જોખમો પિછાણી તેના જતન માટે સાવધાન બનીએ
સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ
સહકાર ભવન, આબાવાડી, હિંમતનગર
ફોન - ૨૪૬૫૪૧
ધુળાભાઈ ટી. પટેલ - માનદ્ મંત્રી
નવલસિંહ એન. બિહોલા - ઉપાધ્યક્ષ
અંબાલાલ ઉપાધ્યાય - અધ્યક્ષ
ગોપાલભાઈ ડી. ઉપાધ્યાય - એજ્યુકેટીવ ઓફીસર
વ્યવસ્થાપક મંડળના સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT - Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com